રાજય ચૂંટણી આયોગ
બ્લોક નં.૯, ૬ઠ્ઠો માળ
સરદાર ભવન
ગાંધીનગર
તા.૧૬/૮/૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-મનપા-ચુનિટ-૭-૨૦૨૫.

**ગાંધીધામ મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ.**

---

૧. ભારતના સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ કે જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમાં મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ( ગુજરાત દ્વિતિય સુધારા) ૧૯૯૩ થી સુધારા કરવામાં આવેલ છે. આ અધિનિયમની કલમ-૧૪(૧) હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી કરવાની સત્તા રાજય ચૂંટણી આયોગમાં નિહિત થયેલી છે. અધિનિયમની કલમ-૧૪ની પેટા કલમ(૨) હેઠળ રાજય સરકારે ઘડેલા નિયમો અનુસાર રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (સુધારા) એક્ટ-૨૦૦૯થી ગુજરાત પ્રોવિન્શિયલ કોર્પોરેશન અધિનિયમમાં કેટલાક સુધારા કરવામાં આવેલ છે. આ સુધારા અન્વયે મહાનગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ રાજ્ય સરકારે મુંબઇ પ્રોવિન્શિયલ કોર્પોરેશન (શહેરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) બાબતના (સુધારા નિયમો ૨૦૧૪) માં સુધારો કરી મહાનગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બિનઅનામત રાખવા જોગવાઈ કરવામાં આવેલ છે.

૩. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (ગુજરાત-૧૭ ઓફ ૨૦૨૩),તા. ૨૯/૦૯/૨૦૨૩થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

૪. રાજય સરકારે અધિનિયમની કલમ-૫ ની પેટા કલમ (૩) માં ખંડ (ક) તથા પેટા કલમ (૪), (૫), (૬) તથા (૭) અન્વયે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: **KV-236 of 2025 UDUHD/MSM/e-file/18 /2025/0418/P, તા.09/07/2025** જેને હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે,ગાંધીધામ મહાનગરપાલિકા જેનો હવે પછી મહાનગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેના સને ૨૦૧૧ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયેલ તે આંકડા આધારે **ગાંધીધામ** મહાનગરપાલિકાને **૧૩** વોર્ડોમાં વહેંચેલ છે. અને કાઉન્સીલરોની કુલ બેઠકો **૫૨** નકકી કરેલ છે. તેમજ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તથા સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૫. રાજય સરકારે અધિનિયમની કલમ-૪૫૬(૧) તથા કલમ-૫ હેઠળ મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો-૧૯૯૪ કે જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે. નિયમોના નિયમ-૨ અન્વયે મહાનગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એકસરખી રહે અને સામાન્યત: વોર્ડોની સરેરાશ વસતિ કોઇપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી તે પ્રમાણે વોર્ડની રચના કરવાની રહે છે. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણાં કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ સરેરાશ વસતિમાં કરવી જરૂરી છે, તો તે સંજોગોમાં ચૂંટણી આયોગ ૧૦ ટકા થી વધુ વધ કે ઘટ કરીને વોર્ડોની રચના કરી શકશે.

૬. રાજય ચૂંટણી આયોગે વોર્ડોનું સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૧૧ની વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં મહાનગરપાલિકાની કુલ વસતિ **૩૦૮૪૪૮** આવે છે. જાહેરનામા પ્રમાણે મહાનગરપાલિકાને **૧૩**. વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ **૨૩૭૨૭** ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયુ છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે મુજબ કોઈપણ વોર્ડની વસતિ સરેરાશ વસતિના ૧૦ ટકાથી વધતી નથી કે ૧૦ ટકા ઘટતી નથી.

૮. મહાનગરપાલિકાના **૧૩** વોર્ડોનું નિયમ-૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી રેલ્વેલાઇન, રોડલાઇનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ(સુધારા) ૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સીલર ચૂંટવાના છે. તેમજ નિયમોના નિયમ(સુધારા)૫ અન્વયે દરેક વોર્ડોમાંથી બે બેઠકો સ્ત્રી, ( અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત ) માટે

અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામાં મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બિનઅનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત

જાતિ, અનુસૂચિત આદિજાતિ ( સ્ત્રી બેઠક સહિત ) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરવાનું થાય. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ના નિયમ-૬(ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની સ્ત્રી બેઠકો આ જાતિઓની વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નક્કી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે **ગાંધીધામ** મહાનગરપાલિકા માટે **૧૦** બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નકકી કરેલ છે અને **૫** બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નકકી કરવાનું થાય છે.

૧૨. સને : ૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા **૧૩** સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડની વસતિ | અનુસૂચિત જાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૭ | ૨૩૪૧૪ | ૧૦૧૨૯ | ૪૩.૨૬ |
| ૨ | ૧૨ | ૨૪૯૩૦ | ૧૦૫૫૧ | ૪૨.૩૨ |
| ૩ | ૧૩ | ૨૨૧૫૭ | ૬૭૪૫ | ૩૦.૪૪ |
| ૪ | ૬ | ૨૪૬૯૩ | ૬૭૩૧ | ૨૭.૨૫ |
| ૫ | ૧૦ | ૨૫૯૩૧ | ૫૨૬૭ | ૨૦.૩૧ |
| ૬ | ૧ | ૨૨૫૬૪ | ૪૫૧૦ | ૧૯.૯૮ |
| ૭ | ૧૧ | ૨૫૪૮૬ | ૪૬૨૫ | ૧૮.૧૪ |
| ૮ | ૨ | ૨૩૮૨૩ | ૨૯૪૯ | ૧૨.૩૭ |
| ૯ | ૫ | ૨૧૭૩૦ | ૨૦૬૪ | ૯.૪૯ |
| ૧૦ | ૯ | ૨૧૮૮૨ | ૧૫૩૫ | ૭.૦૧ |
| ૧૧ | ૮ | ૨૪૮૭૯ | ૧૫૨૩ | ૬.૧૨ |
| ૧૨ | ૪ | ૨૪૬૮૪ | ૮૫૩ | ૩.૪૫ |
| ૧૩ | ૩ | ૨૨૨૭૫ | ૭૩૪ | ૩.૨૯ |
| **કુલ** | | **૩૦૮૪૪૮** | **૫૮૨૧૬** | |

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં **૭,૧૨,૧૩,૬,૧૦,૧,૧૧,૨,૫** તથા **૯** માં નિયમોના નિયમ-૬(અ) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠકની ફાળવણી કરવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. **૧૨,૬,૧,૨** તથા **૯** માં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અને વોર્ડ નં. **૭,૧૩,૧૦,૧૧,**તથા **૫** માં અનુસૂચિત જાતિ માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. **૭,૧૨,૧૩,૬,૧૦,૧,૧૧,૨,૫** તથા **૯** માં નિયમ-૬(અ) હેઠળ ફાળવવાની થાય. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવાની થાય છે.

| અ.નં. | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૭ | અનુસૂચિત જાતિ |
| ૨ | ૧૨ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૩ | ૧૩ | અનુસૂચિત જાતિ |
| ૪ | ૬ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૫ | ૧૦ | અનુસૂચિત જાતિ |
| ૬ | ૧ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૭ | ૧૧ | અનુસૂચિત જાતિ |
| ૮ | ૨ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૯ | ૫ | અનુસૂચિત જાતિ |
| ૧૦ | ૯ | અનુસૂચિત જાતિ સ્ત્રી |

૧૬. જાહેરનામા અન્વયે ગાંધીધામ મહાનગરપાલિકા માટે **૧** બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નક્કી કરેલ છે. તે પૈકી **૦** બેઠક અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નક્કી કરેલ છે.

૧૭. સને : ૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા **૧૩** સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડની વસતિ | અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૧૧ | ૨૫૪૮૬ | ૭૧૮ | ૨.૮૧ |
| ૨ | ૫ | ૨૧૭૩૦ | ૫૭૯ | ૨.૬૬ |
| ૩ | ૭ | ૨૩૪૧૪ | ૬૦૪ | ૨.૫૭ |
| ૪ | ૨ | ૨૩૮૨૩ | ૫૬૯ | ૨.૩૮ |
| ૫ | ૯ | ૨૧૮૮૨ | ૪૯૫ | ૨.૨૬ |
| ૬ | ૧૦ | ૨૫૯૩૧ | ૪૮૧ | ૧.૮૫ |
| ૭ | ૮ | ૨૪૮૭૯ | ૪૪૮ | ૧.૮ |
| ૮ | ૩ | ૨૨૨૭૫ | ૩૧૭ | ૧.૪૨ |
| ૯ | ૪ | ૨૪૬૮૪ | ૩૪૧ | ૧.૩૮ |
| ૧૦ | ૧૨ | ૨૪૯૩૦ | ૩૩૯ | ૧.૩૫ |
| ૧૧ | ૬ | ૨૪૬૯૩ | ૨૯૯ | ૧.૨૧ |
| ૧૨ | ૧૩ | ૨૨૧૫૭ | ૧૫૩ | ૦.૬૯ |
| ૧૩ | ૧ | ૨૨૫૬૪ | ૧૪૨ | ૦.૬૨ |
| કુલ | | **૩૦૮૪૪૮** | **૫૪૮૫** | |

૧૮. આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઉંચી ટકાવારીના ક્રમ બુજબ વોર્ડ નં. **૧૧** માં નિયમ-૬(અ) હેઠળ અનુસૂચિત આદિજાતિ માટેના અનામત બેઠક ફાળવણી કરવાની થાય.

૧૯. અનુસૂચિત આદિજાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ આયોગ માને છે. આ બેઠકની ફાળવણી વખતે જો તે વોર્ડમાં અનુસૂચિત જાતિ માટે ફળવાઇ હોય તેવા કિસ્સામાં અનુસૂચિત જાતિની સ્ત્રી બેઠક આ વર્ગ માટેના વોર્ડમાં ચઢતા કે ઉતરતા ક્રમમાં ફાળવવાની થાય. અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નં. ૧૧ માં નિયમોના નિમય-૬(અ) હેઠળ ફાળવવાની થાય પરંતુ ખાસ ક્રમાંક-૧/વોર્ડ નં-૧૧,ખાસ ક્રમાંક-૨/વોર્ડ નં-૫ અને ખાસ ક્રમાંક-૩/વોર્ડ નં-૭માં અગાઉથી અનુસુચિત જાતિની બેઠકો ફળવાયેલ હોઇ ત્યાર પછીના ઉતરતાં ક્રમમાં ખાસ ક્રમાંક-૪/વોર્ડ નં.-૨માં અનુસુચિત આદિજાતિની બેઠક વોર્ડ સિમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમોના નિયમ -૬(અ) હેઠળ ફાળવવાની થાય.આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે ફાળવવામાં આવે છે.

| અ.નં. | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૨ | અનુસૂચિત આદિજાતિ |

૨૦. જાહેરનામા અન્વયે **૧૪** બેઠકો પછાત વર્ગ માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી **૭** બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત કરવામાં આવેલ છે.

૨૧. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬(અ) હેઠળ રાજય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતિના અભ્યાસ પરથી મહાનગરપાલિકાના જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડમાં ઉતરતા ક્રમે અનામત બેઠકો ફાળવવાની રહેશે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

ગાંધીધામ મહાનગરપાલિકાના સૂચિત **૧૩** વોર્ડની વસતિ તથા પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડની કુલ વસતિ | પછાતવર્ગની કુલ વસતિ(અંદાજિત) | વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૧૧ | ૨૫૪૮૬ | ૧૦૧૯૪ | ૪૦.૦૦ |
| ૨ | ૧ | ૨૨૫૬૪ | ૮૮૯૫ | ૩૯.૪૨ |
| ૩ | ૨ | ૨૩૮૨૩ | ૮૪૪૫ | ૩૫.૪૫ |
| ૪ | ૧૦ | ૨૫૯૩૧ | ૮૦૭૫ | ૩૧.૧૪ |
| ૫ | ૫ | ૨૧૭૩૦ | ૪૭૭૫ | ૨૧.૯૭ |
| ૬ | ૧૩ | ૨૨૧૫૭ | ૪૫૬૦ | ૨૦.૫૮ |
| ૭ | ૬ | ૨૪૬૯૩ | ૫૦૪૫ | ૨૦.૪૩ |
| ૮ | ૮ | ૨૪૮૭૯ | ૪૯૩૫ | ૧૯.૮૪ |
| ૯ | ૭ | ૨૩૪૧૪ | ૩૫૭૦ | ૧૫.૨૫ |
| ૧૦ | ૩ | ૨૨૨૭૫ | ૩૧૮૫ | ૧૪.૩૦ |
| ૧૧ | ૯ | ૨૧૮૮૨ | ૨૯૮૦ | ૧૩.૬૨ |
| ૧૨ | ૪ | ૨૪૬૮૪ | ૨૪૨૫ | ૯.૮૨ |
| ૧૩ | ૧૨ | ૨૪૯૩૦ | ૧૪૪૦ | ૫.૭૮ |
| કુલ | | ૩૦૮૪૪૮ | ૬૮૫૨૪ | |

- પછાતવર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઇ ઉતરતા ક્રમમાં સૂચિત વોર્ડ નં. ૧૧,૧,૨,૧૦,૫,૧૩,૬,૮,૭,૩,૯,૪ અને ૧૨ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી શકય હોય ત્યાં સુધી દર બીજા ક્રમે આવતાં વોર્ડ નં. ૧,૧૦,૧૩,૮,૩,૪ અને ૧૧ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય. પરંતુ, રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક, તા.૧૧/૧૨/૨૦૧૪થી નિયત થયેલ માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ ચડ-ઉતર કરી ફાળવણી કરવાની થાય છે.પછાત વર્ગના ખાસ ક્રમાંક નં. ૨, વોર્ડ નં.૧માં અગાઉથી અંનુસૂચિત જાતિ સ્ત્રીની બેઠક ફળવાયેલ હોઇ ત્યાં પછાત વર્ગ સ્ત્રી બેઠક ફાળવી શકાય તેમ નથી જેથી ખાસ ક્રમાંક નં.૧,૨ અનુક્રમે વોર્ડ નં.૧૧,૧માં ચડ-ઉતર કરી અનુક્રમે વોર્ડ નં. ૧૧માં પછાતવર્ગ સ્ત્રી અને વોર્ડ નં.૧માં પછાતવર્ગની બેઠકની ફાળવણી કરીએ. ખાસ ક્રમાંક નં. ૩, વોર્ડ નં.૨માં પછાત વર્ગની બેઠકની ફાળવણી કરવાની થાય પરંતુ વોર્ડ નં.-૨માં અગાઉથી અનુસૂચિત આદિજાતિ તેમજ અનુસુચિત જાતિ સ્ત્રીની બઠકો ફળવાયેલ હોઇ ત્યાં પછાત વર્ગ બેઠક ફાળવી શકાય તેમ ન હોઈ , પછાત વર્ગનું પ્રતિનિધિત્વ આપવા સારું ચોથી બેઠક માટે પછાત વર્ગની અનામત બેઠક ફાળવીએ. ખાસ ક્રમાંક નં. ૫, ૬, વોર્ડ નં.૫,૧૩માં અનુક્રમે પછાત વર્ગ અને પછાત વર્ગ સ્ત્રીની બેઠકની ફાળવણી કરવાની થાય .પરંતુ ખાસ ક્રમાંક-૫/વોર્ડ નં.-૫માં અગાઉથી અનુસુચિત જાતિની બેઠક અગાઉથી ફળવાયેલ હોઈ ત્યાર પછીના ઉતરતાં ક્રમમાં ખાસ ક્રમાંક-૭/વોર્ડ નં.-૬માં પછાત વર્ગની અને ખાસ ક્રમાંક ૬/વોર્ડ નં-૧૩માં પછાત વર્ગ સ્ત્રીની બેઠક ફાળવીએ તથા ખાસ ક્રમાંક -૭/વોર્ડ નં-૬ અને ખાસ ક્રમાંક-૮/વોર્ડ નં-૮માં પછાત વર્ગની બેઠકો ફાળવીએ. પછાત વર્ગના ખાસ ક્રમાંક નં. ૯/ વોર્ડ નં.૭માં અગાઉથી અનુસુચિત જાતિની બેઠક ફાળવેલ હોઈ પછાત વર્ગ બેઠક ફાળવી શકાય તેમ નથી જેથી ખાસ ક્રમાંક નં.૯,૧૦ અનુક્રમે વોર્ડ નં.૭,૩માં ચડ-ઉતર કરી અનુક્રમે વોર્ડ નં. ૭માં પછાતવર્ગ સ્ત્રી અને વોર્ડ નં.૩માં પછાતવર્ગની ફાળવણી કરીએ.પછાત વર્ગના ખાસ ક્રમાંક નં. ૧/ વોર્ડ નં.૧૧માં અગાઉથી પછાત વર્ગ સ્ત્રીની બેઠક ફળવાયેલ હોઈ,વોર્ડ નં-૧૧ હાલ પુરતો ફાળવણી માટે જતો કરીએ અને ખાસ ક્રમાંક -૧૩/વોર્ડ નં-૧૨માં પછાત વર્ગની બેઠક ફાળવીએ.વોર્ડ નં-૧૧/ખાસ ક્રમાંક-૧માં પછાત વર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે પરંતુ ત્યાં અગાઉથી પછાત વર્ગ સ્ત્રીની બેઠક ફળવાયેલ હોઈ ત્યાર બાદના ઉતરતાં ક્રમમાં કુલ ૦૬(છ) ખાસ ક્રમાંક ઉતરીને ખાસ ક્રમાંક-૮/વોર્ડ નં-૮માં પછાત વર્ગ સ્ત્રીની બેઠક ફાળવીએ. સમગ્રત: પછાતવર્ગની બેઠક ફાળવણી નીચે મુજબ થાય છે.આથી પછાતવર્ગની બેઠકોની સમગ્રત: ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે ફાળવવામાં આવે છે.

| અ.નં. | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૧૧ | પછાતવર્ગ સ્ત્રી |
| ૨ | ૧ | પછાતવર્ગ |
| ૩ | ૨ | પછાતવર્ગ |
| ૪ | ૧૦ | પછાતવર્ગ સ્ત્રી |
| ૫ | ૫ | પછાતવર્ગ સ્ત્રી |
| ૬ | ૧૩ | પછાતવર્ગ સ્ત્રી |
| ૭ | ૬ | પછાતવર્ગ |
| ૮ | ૮ | પછાતવર્ગ |
| ૯ | ૭ | પછાતવર્ગ સ્ત્રી |
| ૧૦ | ૩ | પછાતવર્ગ |
| ૧૧ | ૯ | પછાતવર્ગ |
| ૧૨ | ૪ | પછાતવર્ગ સ્ત્રી |
| ૧૩ | ૧૨ | પછાતવર્ગ |
| ૧૪ | ૮ | પછાતવર્ગ સ્ત્રી |

૨૨. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક બાકી રહેતી બેઠકો બિનઅનામત તરીકે ફાળવવામાં આવે છે. સમગ્રત: તમામ પાસાઓનો અભ્યાસ કરીને ગાંધીધામ મહાનગરપાલિકાના આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૩. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠકોની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૪. અનુસુચિ-૧માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસુચિ-૨માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈ પણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો રજૂ કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાથી દસ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર – ૩૮૨૦૧૦ ને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.આવા સૂચનની એક નકલ શહેર ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરશ્રી, કચ્છ ને પણ આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજય ચૂંટણી આયોગ, ગાંધીધામ મહાનગરપાલિકાના વોર્ડો માટે નકકી કરેલ સીમાંકન અને બેઠકોની ફાળવણી અંગેનો આ પ્રાથમિક આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલા માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,**

**બિડાણઃ અનુસૂચિ – ૧ તથા અનુસૂચિ - ૨**

(આર.જી.ગોહિલ)
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

અનુસૂચિ-૧
ગાંધીધામ મહાનગરપાલિકા,કચ્છ જિલ્લો

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ-રાચઆ-ચટણ-સમક-મનપા- ગાંધીધામ -યુનિટ-૭-૨૦૨૫,તા.૧૯/૦૯/૨૦૨૫નું બિડાણ.

**સને,૨૦૧૧ની વસતિ ગણતરીના આખરી પ્રસિધ્ધ થયેલ આંકડાના આધારે ગાંધીધામ મહાનગરપાલિકાની સૂચિત વોર્ડ રચના મુજબ વોર્ડોનું વર્ણન.**

---

## ગાંધીધામ મહાનગરપાલિકા વોર્ડ નં. ૧ ની હદનું વર્ણન

મેઘપર-કુંભારડીના રે.સ. નં.૧૬૦ ના વાયવ્ય ખુણાથી શરુ કરી રાજય ધોરી માર્ગ ઓળંગી ઉત્તર તરફના વાયવ્ય રે.સ.નં.૧૬૧/૧ થઇ ગામતળ થી પૂર્વ બાજુના રે.સ. નં.૫ થી ઉત્તર બાજુના રે.સ. નં.૨૭૬/૧૧ થી દક્ષિણ તરફ આવતા રે.સ. નં.૨૭૩/૪, ૨૭૩/૩, ૨૭૨/૩ ની પૂર્વ બાજુથી પસાર થઇ દક્ષિણ બાજુના રે.સ. નં.૨૭૧/૩ થી દક્ષિણ તરફ રે.સ. નં.૨૬૮/૨ સુધી અને ત્યારબાદ લાગુ મેઘપર-કુંભારડીના રે.સ.નં.૧૩/૧ થી રે.સ. નં.૪૭ બાજુ પસાર થતા નર્મદા કેનાલ ઓળંગી દક્ષિણ તરફના રે.સ. નં.૬૧/૧ અને ૬૦/૨ થી દક્ષિણ તરફ વોર્ડ નં.૨ અને વોર્ડ નં.૩ ની પશ્ચિમ હદને લગત વોર્ડ નં.૧ના મેઘપર-કુંભારડીના રે.સ. નં.૭૦/૧ પાસેથી પસાર થઇ રે.સ. નં.૮૨/૧ સુધી. ત્યારબાદ રજય ધોરી માર્ગ ઓળંગી વોર્ડ નં.૩ની દક્ષિણી હદને સમાંતર થી પૂર્વ બાજુ આદિપુર વોર્ડ-૧/એના (આંબેડકરનગર)ના ઇશાન ખુણા સુધી. ત્યારબાદ લુણંગદેવ રોડની પૂર્વિ બાઉન્ડ્રી થઇ દક્ષિણ તરફ જઇ ટાગોર રોડ (સ્ટેટ હાઇવે) ઓળંગી રે.સ. નં.૧૫૩ (મેઘપર-કુંભારડી) સુધી. ત્યારબાદ પશ્ચિમ બાજુ જતા મેઘપર-કુંભારડીના રે.સ. નં.૯૪ થી પૂર્વિ હદ સુધી. ત્યારબાદ દક્ષિણ તરફ જતા મેઘપર-કુંભારડીના રે.સ. નં.૯૬ ના અગ્નિ ખુણા સુધી. ત્યારબાદ ફરી પશ્ચિમ તરફ જતા મેઘપર-કુંભારડીના રે.સ. નં.૯૭, રે.સ. નં.૧૬૪ અને રે.સ. નં.૯૮ પાસેથી પસાર થઇ મેઘપર-કુંભારડી ના રે.સ. નં.૯૯ ના નેરુત્વ ખુણા સુધી. ત્યારબાદ દક્ષિણ તરફ આવતા વોર્ડ નં.૪ ના પશ્ચિમી બાઉન્ડ્રીને લગત રે.સ. નં.૨૦, રે.સ. નં.૨૧ સુધી. ત્યારબાદ આદિપુર-મુન્દ્રા રાજય માર્ગને ઓળંગી વોર્ડ નં.૧૧ની પશ્ચિમી બાઉન્ડ્રીને લગત રે.સ. નં.૩૪/૧ અને રે.સ.નં.૩૪/૨ થઇ સીધા રે.સ. નં.૧૦૩/૨ થી દક્ષિણ બાજુના રે.સ. નં.૧૦૭, ૧૦૮, ૧૫૫ થી વોર્ડ નં.૧૧ની બાઉન્ડ્રીને લગત રે.સ. નં.૧૫૭/૨ અને રે.સ. નં.૧૫૭/૧ થી રે.સ. નં.૧૬૫ થઇ પૂર્વ તરફ થી વોર્ડ નં.૧૧ની પશ્ચિમી બાઉન્ડ્રીને લગત છેલ્લા રે.સ. નં.૧૯૬/૧ થી ત્યારબાદ તુણા ગામની બાઉન્ડ્રી પાસેથી થઇ શિણાયના રે.સ. નં.૨૦૦ થઇ રે.સ. નં.૨૦૧ ના અગ્નિ ખુણા સુધી. ત્યારબાદ તુણા ગામની ઉત્તરી બાઉન્ડ્રી પાસે પસાર થઇ શિણાય ગામના આદિપુર-મુન્દ્રા રાજય ધોરી માર્ગ પાસેના રે.સ. નં.૨૨૩/૧ અને રે.સ. નં.૨૨૩/૩ સુધી. ત્યારબાદ રાજય ધોરી માર્ગ ઓળંગી રે.સ. નં.૨૬૧/૧ સુધી. ત્યારબાદ માથક ગામની પૂર્વિ હદ પાસેથી પસાર થઇ ઉત્તર તરફ જતા શિણાયના રે.સ. નં.૨૮૨ ના અગ્નિ ખુણા સુધી. ત્યારબાદ રે.સ. નં. ૨૮૩/૨ ના વાયવ્ય ખુણા સુધી. ત્યારબાદ પશ્ચિમ દિક્ષા તરફ જતા નર્મદા કેનાલ ઓળંગી શિણાય ગામના રે.સ. નં.૩૮૮/૨ ના નેરુત્વ ખુણા સુધી. ત્યારબાદ શિણાય ગામની પશ્ચિમ હદ થી પસાર થઇ ઉત્તર તરફ જતા રે.સ. નં.૪૫૨/૨ થઇ રે.સ. નં.૪૫૨/૧ થઇ પશ્ચિમ તરફના રે.સ. નં.૫૧૫ વાયવ્ય ખુણા સુધી. ત્યારબાદ આગળ વધતા રે.સ. નં.૫૧૨ સુધી. ત્યારબાદ ઉત્તર તરફ જતા રે.સ. નં.૫૧૬ સુધી. ત્યારબાદ પૂર્વ તરફ જતા રે.સ. નં.૪૯૧ સુધી. ત્યારબાદ ઉત્તર તરફ જતા મેઘપર-કુંભારડીના રે.સ. નં.૧૬૮ પાસેથી પસાર થઇ ઉત્તર તરફ રેલ્વે લાઇન પાસે રે.સ. નં.૧૪૧ સુધી. રેલ્વે લાઇન ઓળંગાઇ રે.સ. નં.૧૪૨/૨ થઇ રે.સ. નં.૧૪૫ સુધી. ત્યારબાદ રે.સ. નં.૧૫૭ સુધી જઇ ગાંધીધામ-મુન્દ્રા હાઇવે ઓળંગી શરુઆતના પોઇન્ટ સુધીનો વિસ્તાર.

## ગાંધીધામ મહાનગરપાલિકા વોર્ડ નં. ૨ ની હદનું વર્ણન

મેઘપર-બોરીચીના રે.સ. નં.૨૭૬ ના વાયવ્ય ખુણા થી રે.સ. નં.૧ થી ગામતળ થઇ રે.સ. નં.૩ તળાવની બાજુ માંથી પૂર્વ તરફ નર્મદા કેનાલને લગત અંજાર હદ બાઉન્ડ અંજાર હદની બાઉન્ડ્રીને સમાંતર પુર્વ તરફ જતા મેઘપર બોરીચીના ઉત્તર દીશાના સર્વે નં.૧૩/૨ થી નર્મદા કેનાલ પસાર કરી મેઘપર-બોરીચીના રે.સ. નં.૨૩ થી પૂર્વ તરફ જતા અંજાર ગામની બાઉન્ડ્રીના મેઘપર-બોરીચીના રે.સ. નં.૫૩ના અગ્નિ ખુણા સુધી. ત્યારબાદ દક્ષિણ તરફના રે.સ. નં.૫૬ થી પૂર્વ તરફના રે.સ. નં.૭૦ થી રે.સ. નં.૭૫ થી રે.સ. નં.૭૬/૧ થી રે.સ. નં.૮૩ થી રે.સ. નં.૧૦૨ અને એરપોર્ટ રોડ સુધીના રે.સ. નં.૧૦૩ અગ્નિ ખુણા સુધી. ત્યારબાદ એરપોર્ટ રોડને ઓળંગી પૂર્વ તરફના રે.સ. નં.૧૦૪ના વાયવ્ય ખુણા થી રે.સ. નં.૧૦૫ થઇ વરસામેડી ગામની હદની બાઉન્ડ્રીના ગળપાદર ગામના રે.સ. નં.૧૧૮/૧ અને રે.સ. નં.૧૧૯/૧

થઇ પૂર્વ તરફના રે.સ. નં.૩/૧ ના વાયવ્ય ખુણા થી પૂર્વ-ઉત્તર તરફના રે.સ. નં.૫/૧ અને રે.સ. નં.૬/૧ થી દક્ષિણ તરફના રે.સ. નં.૧૦ ના નેરુત્વ ખુણા થી ગળપાદર-અંજાર હાઇવેના ઉત્તરે રે.સ. નં.૨૩/૧ ના નેરુત્વ ખુણા થી ગળપાદર-અંજાર હાઇવે ઓળંગી રે.સ. નં.૩૦ થી રે.સ. નં.૧૨૮ અને રે.સ. નં.૪૩ રેલ્વે લાઇનની દક્ષિણી બાઉન્ડ્રી સુધી. ત્યારબાદ રેલ્વે લાઇનને સમાંતર રે.સ. નં.૩૯/૩ના વાયવ્ય ખુણાથી પૂર્વ તરફના પશ્ચિમ તરફના રે. સ. નં.-૫૯/૨ અને રે.સ. નં.-૬૦/૨ થઇ એરપોર્ટ રોડની પૂર્વ-પશ્ચિમે બાઉન્ડ્રીના રે.સ. નં.૬૯ સુધી. ત્યારબાદ એરપોર્ટ રોડને ઓળંગી પશ્ચિમ તરફના રે.સ. નં.૭૦ થી રે.સ. નં.૭૨/૩ થી રે.સ. નં.૧૫૫ થઇ રે.સ. નં.૧૬૮ થી રે.સ. નં.૮૦ થી ઉત્તર તરફ જતા આદિપુર-અંજાર રાજય ધોરી માર્ગના પૂર્વ બાજુના રે.સ. નં.૭૧/૧, રે.સ. નં.૭૧/૨ વાયવ્ય ખુણા થી ઉત્તર તરફ રે.સ. નં.૨૨૮ થી રે.સ. નં.૧૪ થી સીધા ઉત્તર તરફ રાજય ધોરી માર્ગ સુધીના રે.સ. નં.૨૫૯/૪ અને રે.સ. નં.૨૫૯/૩ સુધી. ત્યારબાદ રાજય ધોરી માર્ગ ઓળંગી રે.સ. નં.૨૬૫/૫ અને રે.સ. નં.૨૬૫/૪ થી સીધા ઉત્તર તરફના શરુઆતના પોઈન્ટ સુધીના રે.સ. નં.૨૭૪/૧ સધુીનો વિસ્તાર.

## ગાંધીધામ મહાનગરપાલિકા વોર્ડ નં. ૩ ની હદનું વર્ણન

આદિપુર શહેરની સ્પિનીંગ મીલના વાયવ્ય ખુણા થી રેલ્વે ટ્રેકની દક્ષિણ હદ પાસેથી પસાર થઇ પૂર્વ તરફ જતા તોલાણી કોલેજ કેમ્પસ થી વોર્ડ નં.૨/બી, વોર્ડ નં.૪/એ, વોર્ડ નં.૪/બી, વોર્ડ નં.૬/એ વોર્ડ નં./બી વિગેરે વસાહતોની ઉત્તર બાજુથી પસાર થઇ રાજવી રિસોર્ટ (રેડીશન) હોટલ નજીકના રેલ્વે ફાટક સુધી. ત્યારબાદ દક્ષિણ તરફ જતા રામપથ રોડની દક્ષિણી બાઉન્ડ્રી એરપોર્ટ રોડની પશ્ચિમી બાઉન્ડ્રી પાસેથી પસાર થઇ દક્ષિણ તરફ જતા ૮૦ ફુટ પહોળા રામપથ રોડને ઓળંગી વોર્ડ નં.૫/બીના પ્લોટ નં.૫૫૨ ના ઇશાન ખુણા સુધી. ત્યારબાદ રામપથ રોડની દક્ષિણ બાઉન્ડ્રી પાસેથી પસાર થઇ પશ્ચિમ તરફ જતા વોર્ડ નં.૫/એ, વોર્ડ નં.૫/બી, વોર્ડ નં.૩/એ, વોર્ડ નં.૩/બી આદિપુર જુના શહેરના ઉત્તર પાસેથી પસાર થઇ ગોપાલ સ્ટેડીયમ કોલેજ પાસેથી પસાર થઇ સ્પીંનીંગ મીલના નેરુત્વ ખુણા થી ઉત્તર તરફ જતા શરુઆતના પોઇન્ટ સુધી.

## ગાંધીધામ મહાનગરપાલિકા વોર્ડ નં. ૪ ની હદનું વર્ણન

એસ.આર.સી. જુની ફેક્ટરીના વાયવ્ય ખુણાથી શરુ કરી પૂર્વ તરફ જતા રામપથ રોડની દક્ષિણી બાઉન્ડ્રી થી પસાર થઇ સ્વામી લીલાશાહ સર્કલ, પ્રભુદર્શન ઓડીટોરીયમ હોલ થી પૂર્વ તરફ પંડીત જવાહરલાલ નહેરુ સર્કલ થી સરકારી હોસ્પિટલ રામબાગ પાસેથી પસાર થઇ વોર્ડ નં.૫/બીના પ્લોટ નં.૫૫૨ ના ઇશાન ખુણા સુધી. ત્યારબાદ દક્ષિણ તરફ જતા એરપોર્ટ રોડની પશ્ચિમ બાઉન્ડ્રી પાસેથી પસાર થઇ મહારાણા પ્રતાપ સ્મારક (પ્રતિમા) ના અગ્નિ ખુણા સુધી. ત્યારબાદ ટાગોર રોડની ઉત્તરીય હદ પાસેથી પસાર થઇ પશ્ચિમ તરફ જતા ન્યાયાલયના ઇશાન ખુણા સામે વોર્ડ નં.૫/બી વિસ્તાર સુધી. ત્યારબાદ દક્ષિણ તરફ જતા ટાગોર રોડ સ્ટેટ હાઇવે ઓળંગી ન્યાયાલય ડીસી-૫ ના ઇશાન ખુણા સુધી. ત્યારબાદ દક્ષિણ તરફ જતા ડીસી-૫ વસાહત ના અગ્નિ ખુણા થી દક્ષિણ તરફ જતા ડીસી-૫ વસાહતના નેરુત્વ ખુણા સુધી. ત્યારબાદ ઉત્તર તરફ જતા ડીસી-૫ ના વાયવ્ય ખુણા પાસેથી પસાર થઇ ટાગોર રોડ ઓળંગી વોર્ડ નં.૫/એ સુધી. ત્યારબાદ ટાગોર રોડની ઉત્તર બાઉન્ડ્રી પાસેથી પસાર થઇ પશ્ચિમ તરફ જતા મહારાવ (મુન્દ્રા) સર્કલ સુધી. ત્યારબાદ દક્ષિણ તરફ જતા ટાગોર રોડને ઓળંગી આદિપુર-મુન્દ્રા સ્ટેટ હાઇવેની પશ્ચિમની બાઉન્ડ્રી થી પસાર થઇ અંતરજાળ ગામના રે.સ. નં.૧૩૨ ના ખુણા સુધી. ત્યારબાદ વોર્ડ નં.૧ ની બાઉન્ડ્રી હદ પાસેથી પસાર થઇ વાયવ્ય દિશા તરફ જતા મેઘપર-કુંભારડીના રે.સ. નં.૯૯ સુધી. ત્યારબાદ મેઘપર-કુંભારડીના રે.સ. નં.૧૩૪, રે.સ. નં.૧૩૫ પાસેથી પસાર થઇ ઉત્તર તરફ રે.સ. નં.૧૫૩ સુધી. ત્યારબાદ ટાગોર રોડ ઓળંગી લુણંગ દેવ માર્ગની પૂર્વી બાઉન્ડ્રી પસાર થઇ ઉત્તર તરફ જતા શરુઆતના પોઇન્ટ સુધી વિસ્તાર

## ગાંધીધામ મહાનગરપાલિકા વોર્ડ નં. ૫ ની હદનું વર્ણન

રાજવી રિસોર્ટ (રેડીશન હોટલ) થી રીલાયન્સ સર્કલ મહારાણા પ્રતિમા સ્મારક તરફ જતા રાજવી ફાટક રોડની પશ્ચિમી બાઉન્ડ્રી થી પૂર્વ તરફ જતા રેલ્વે ફાટકના ઉત્તરે-વાયવ્ય ખુણા થી શરુ કરી રેલ્વે હદની દક્ષિણી બાઉન્ડ્રી થી પૂર્વ તરફ જતા દક્ષિણી વસાહત થી સીધા પૂર્વ તરફ રેલ્વે બાઉન્ડ્રીની સમાંતર ઝુપડા તથા ૬ ઇન્ફ્રસ્ટીઝના પ્લોટો અને તેના વસાહન થી પૂર્વ તરફ જતા વોર્ડ નં.૯/એઇના પ્લોટ નં.૧ ના અગ્નિ ખુણા થી રેલ્વે લાઇન ની સમાંતર પૂર્વ બાજુ જતા રામદેવ પીર મંદિર થી સીધા જતા રેલ્વેની દક્ષિણી ઝુપડપટ્ટી થઇ વોર્ડ નં.૯/બીના પ્લોટ નં.૯૬ ના વાયવ્ય ખુણા થી દક્ષિણ તરફ ગૌભકત શંભુમાર્ગની પૂર્વ બાઉન્ડ્રી થી દક્ષિણ તરફ જતા વોર્ડ નં.૯/બીના પ્લોટ નં.૧૦ અને ૧૨ થઇ સીધા જતા વોર્ડ નં.૯/બીના પ્લોટ નં.૬૪ થી દક્ષિણ તરફ સીધા રામદેવ પીર સોસાયટીના મકાન નં.૪૪૬ થી દક્ષિણ તરફ

જતા વોર્ડ નં.૯/બીના પ્લોટ નં.૮૦ થી સીધા વોર્ડ નં.૯/બીડીના પ્લોટ નં.૧ થી દક્ષિણ તરફથી ડીસી-૨ ના પ્લોટ નં.૨૫૧ ના અગ્નિ ખુણા થી રામપથ રોડના પૂ.શ્રી ધણીમાતંગ દેવ સર્કલ ઓળંગી ડીસી-૨ ના પ્લોટ નં.૨૫૦ થી દક્ષિણ તરફ સીધા જતા માં હોસ્પિટલ થી સીધા ડીસી-૨ ના ઓધવરામ માર્કેટ ના પ્લોટ નં.૨૩૫ ના અગ્નિ ખુણા થી પૂર્વ તરફ જતા વોર્ડ નં.૧/એના પ્લોટ નં.૩૦૨ થી દક્ષિણ તરફ જતા વોર્ડ નં.૧૦/એના પ્લોટ નં.૭૭ ના અગ્નિ ખુણાની સામે આઇ.ઓ.સી. કોલોનીની દિવાલ થી પૂર્વ તરફ જતા દક્ષિણ બાજુની વસાહત થઇ વોર્ડ નં.૧૦/એના પ્લોટ નં.૧૬૭ થી આર્ય સમાજના વાયવ્ય ખુણા થી દક્ષિણ તરફ જતા રસ્તાની પશ્ચિમ બાજુની વસાહત થઇ સ્વામી નારાયણ બી.એ.પી.એસ. સંસ્કાર ધામ થી સીધા દક્ષિણ તરફ ટાગોર રોડની ઉત્તરે સર્વિસ રોડના વોર્ડ નં.૧૦/એના પ્લોટ નં.૧૬ ના અગ્નિ ખુણા થી પશ્ચિમ તરફ જતા ઉત્તરે આઇ.ઓ.સી. કોલોની ના દક્ષિણે-પશ્ચિમ તરફ નૈરુત્વ ખુણા થી સીધા જતા ઉત્તરીય વસવાટ થઇ સીધા વોર્ડ નં.૭/ડીના પ્લોટ નં.૨૬ અને પ્લોટ નં.૨૭ થઇ પશ્ચિમ તરફ જતા ખાવડા હોમ થઇ સીધા ઓશિયા મોલ-ફ્રેન્ડર્સ સ્કેયરના વાયવ્ય ખુણા થી રજવી ફાટક થી રીલાયન્સ સર્કલ તરફ આવતા રસ્તાના મહારાણા પ્રતિમા સ્મારકના રસ્તાના પશ્ચિમી બાઉન્ડ્રી થી ઉત્તર તરફ જતા પૂર્વ વસાહત ના આઇ.ઓ.સી. પ્રેટ્રોલપંપ થી સીધા ઉત્તરે જતા સિંધુ ભવન ના વાયવ્ય ખુણા થી શરુઆતના પોઇન્ટ સુધીનો વિસ્તાર.

## ગાંધીધામ મહાનગરપાલિકા વોર્ડ નં. ૬ ની હદનું વર્ણન

ગૌભકત શંભુબાપા માર્ગના પૂર્વના વોર્ડ નં.૧૧/એના પ્લોટ નં.૨૮૯ ના વાયવ્ય ખુણા થી પૂર્વ તરફ જતા રસ્તાના ઉત્તરે રેલ્વે બાઉન્ડ્રીના સમાંતર ઝુપડાના સમાંતરે માહી ઓટો સેન્ટર થઇ પૂર્વ તરફ જતા ઉત્તર અને દક્ષિણ વસાહત થઇ રાફળીયા હનુમાન મંદિર થી સીધા પૂર્વ તરફ જતા વોર્ડ નં.૧૧/એના પ્લોટ નં.૨૬૪ થી સીધા ખેતરપાળ દાદા ચેરીટેબલ ટ્રસ્ટ થઇ પૂર્વ બાજુની વસાહત અને વોર્ડ નં.૧૧/એના ભાનુભવન ની સામેના મકાન થી રેલ્વે લાઇન ને સમાંતરે દક્ષિણ તરફના ઝુપડા તથા રોડની ઉત્તરે વોર્ડ નં.૧૧/બીના મકાન નં.૧૯૯ થી સીધા કૈલાસનગર સોસાયટીના વોર્ડ નં.૧૧/બીના પ્લોટ નં.૫૦ ના ઇશાન ખુણા થી કૈલાસનગર પંચાયત પ્રાથમિક શાળા થી સીધા દક્ષિણ તરફ જતા રસ્તાની પૂર્વ બાઉન્ડ્રીની સામેના પશ્ચિમ તરફના કૈલાસનગર સોસાયટીના શંકર ભગવાન ના મંદિર તથા તેની બાજુના ઝુપડાને સમાંતર પૂર્વ તરફ જતા રસ્તાની દક્ષિણ બાજુના સોનલનગરના ઝુપડા તથા મકાનોના નં.૧૦૮ થી દક્ષિણ તરફની ઉત્તરી વસાહત થઇ સીધા ૮૦ ફુટ રોડને ઓળંગી પૂર્વ તરફ જતા ગોપાલપુરી બાઉન્ડ્રીને સમાંતર દક્ષિણ તરફ જતા રસ્તાના ઉત્તરે પૂર્વ ખુણા થી દક્ષિણ તરફ જતા ચામુંડા માતા ના મંદિર થઇ સ્વામી નારાયણ સુખ સંસ્કાર કેન્દ્ર ના ખુણા થી પશ્ચિમ તરફ જતા ઉત્તર બાજુની વસાહત થી સીધા વોર્ડ નં.૧૧/બીએફના પ્લોટ નં.૧૦૨ ના સામેના ઉત્તર તરફથી પશ્ચિમ તરફ જતા રસ્તાની પૂર્વ તથા પશ્ચિમ વસાહત થી સીધા મહેશ્વરીનગરના મકાન નં.૩૨ થી સામેના ૬૦ ફુટનો રોડ ઓળંગી મહેશ્વરીનગરના મકાન નં.૩૨ના ઇશાન ખુણા સુધી. ત્યારબાદ ૬૦ ફુટ પહોળા રોડની પશ્ચિમી બાઉન્ડ્રી થી દક્ષિણ તરફ જતા મહેશ્વરીનગરના મકાન નં.૧ ના મહેશ્વરીનગર ઝુપડા સુધી. ત્યારબાદ મહેશ્વરીનગર વસાહતના દક્ષિણ બાજુના ૬૦ ફુટ પહોળા રોડની ઉત્તરીય બાઉન્ડ્રી થી પશ્ચિમ તરફ જતા મહેશ્વરીનગરના મકાન નં.૨૨૫ સુધી. ત્યારબાદ ઉત્તર તરફ જતા મકાન નં.૨૩૨ ના વાયવ્ય ખુણા થી રોડની દક્ષિણી બાઉન્ડ્રી થી પૂર્વ તરફ જતા મહેશ્વરીનગરના મકાન નં.૨૦૦ થી મહેશ્વરીનગરના મકાન નં.૨૩૩ના ખુણા સુધી. ત્યારબાદ ભરવાડવાસની પશ્ચિમ બાજુના આવેલ તમામ ઝુપડાઓ વિસ્તાર થઇ દક્ષિણ તરફ રામપથ રોડની દક્ષિણી બાઉન્ડ્રી થી પશ્ચિમ તરફ જતા પૂ. શ્રી ધણીમાતંગ દેવ સર્કલ થી ઉત્તર તરફ પૂર્વ બાજુની વસાહત થી સીધા વોર્ડ નં.૯/બીના પ્લોટ નં.૬૪ સુધી. ત્યારબાદ ગૌભકત શંભુ મારાજની પશ્ચિમી બાઉન્ડ્રી થઇ ઉત્તર તરફ જતા ૮૦ ફુટ પહોળા રોડ શરુઆતના પોઇન્ટ સુધીનો વિસ્તાર

## ગાંધીધામ મહાનગરપાલિકા વોર્ડ નં. ૭ ની હદનું વર્ણન

રામપથ રોડ પરના પૂ.શ્રી ધણીમાતંગ જયોત સર્કલ થી પૂર્વ તરફ જતા વોર્ડ નં.૧૦/એના પ્લોટ નં.૧૧૩-૧૧૪ ના વાયવ્ય ખુણા થી પૂર્વ તરફ જતા રામપથ રોડની દક્ષિણી વાસહત થઇ આહીર વાસ ગેટ થી સીધા સુંદરપુરી હેડ વોટર વર્કસના ચાર રસ્તા થી દક્ષિણ તરફ જતા રસ્તાની પૂર્વ બાઉન્ડ્રીના સામેના સુંદરપુરીના પશ્ચિમી અગ્નિ ખુણા થી દક્ષિણ તરફ સીધા રસ્તાની પશ્ચિમી વસાહત થઇ ટાગોર રોડ ની ઉત્તરે સર્વિસ રોડના સુંદરપુરી વસાહત ના ખુણે ખોડીયાર માતા ના મંદિરના નૈરુત્વ ખુણાથી સીધા પશ્ચિમ તરફ જતા વોર્ડ નં.૧૦/બીસીના પ્લોટ નં.૧ ના નૈરુત્વ ખુણા થી ઉત્તર તરફ જતા સ્ટર્લીંગ હોસ્પિટલ થઇ પૂર્વ તરફની વસાહત થઇ વોર્ડ નં.૧૦/એના પ્લોટ નં.૧૬૭ થી પશ્ચિમ તરફન જતા રસ્તાની ઉત્તરી વસાહત થઇ સધા વોર્ડ નં.૧૦/એના પ્લોટ નં.૧૭૬ ના નૈરુત્વ ખુણા થી ઉત્તર તરફ જતા પૂર્વ વસાહત થઇ સીધા વોર્ડ નં.૧૦/એએ ના પ્લોટ નં.૧૯૭ થી ઉત્તર તરફ જતા રસ્તાની પૂર્વ વસાહત ના વોર્ડ નં.૧૦/એએ ના પ્લોટ નં.૫૫ થી સીધા શરુઆતના પોઇન્ટ સુધી.

## ગાંધીધામ મહાનગરપાલિકા વોર્ડ નં. ૮ ની હદનું વર્ણન

ગોપલપુરી વસાહતની ઉત્તરે વાયવ્ય ખુણા થી પૂર્વ તરફ જતા રેલ્વે લાઇનને દક્ષિણે ગોપાલપુરી વસાહતના પૂર્વે અગ્નિ ખુણા થી દક્ષિણ તરફ આવેલ ડી.એલ.બી. કોલોની, એફ.સી.આઇ. કોલોની તથા મુખ્ય રોડની પૂર્વ-પશ્ચિમે આવેલ ઝુપડપટ્ટી થી ગોપલપુરી કોલોનીના દક્ષિણે નેરુત્વ ખુણા થી શ્યામજી કૃષ્ણવર્મા માર્ગની પશ્ચિમે અપનાનગરના મકાન નં.ડી-૧૫ થી દક્ષિણ તરફ જતા અપનાનગરના મકાન નં.ડી-૧૨૫ થી ડી-૧૪૮ થઇ શ્યામજી કૃષ્ણવર્મા માર્ગ અપનાનગર ચાર રસ્તા થી સુંદરપુરી તરફ જતા રસ્તાને ઓળંગી વોર્ડ નં.૧૨/સીના પ્લોટ નં.૫૭૨ ના અગ્નિ ખુણા થી દક્ષિણ તરફના પ્લોટ નં.૫૮૯ થી જુના પોલીસ સ્ટેશન રોડની બાજુના પ્લોટ નં.૫૯૦ થી આત્મારામ સર્કલ વાળા રેડક્રોષ રોડ ને ક્રોસ કરી સેકટર-૧/એના પ્લોટ નં.૧ થી દક્ષિણ તરફ ગાંધી માર્કેટ થી વેજીટેબલ માર્કેટ થઇ દક્ષિણ તરફ ટાગોર રોડની ઉત્તર તથા ક્રોમા સેન્ટર શ્યામજી કૃષ્ણવર્મા માર્ગની પશ્ચિમે આવેલ ડી.પી.ટી. ના રિઝર્વ ખાલી પ્લોટના અગ્નિ ખુણા થી મમ્કીન ટ્રેડીંગ થી પશ્ચિમ તરફ સર્વિસ રોડની ઉત્તર બાજુના સેકટર-૧/એના પ્લોટો થી પૂર્વ તરફ જતા ગાયત્રી મંદિર રોડ સેકટર-૧/એ સુધી. ત્યારબાદ ગાયત્રી મંદિર રોડ ઓસ્લો પાસેનો ક્રોસ કરી શકિતનગરના મકાન નં.સી-૧ ના નેરુત્વ ખુણા થી પૂર્વ તરફના શકિતનગરના મકાન નં.ડી-૮ થી ડો.હેમાંગ પટેલ ની હોસ્પિટલ સામેના ટાગોર રોડ ઓળંગી સુંદરપુરી પાણીના ટાંકા તરફ જતા રસ્તાની પૂર્વ બાજુના શકિતનગર તથા લીલાશાહના પ્લોટ નં.૧ ના વાયવ્ય ખુણા થી સુંદરપુરી પાણીના ટાંકા ચાર રસ્તા સુધી. ત્યારબાદ સુંદરપુરી પાણીના ટાંકા ચાર રસ્તા થી પશ્ચિમ બાજુ રામપથ રોડની ઉત્તરે નિલકંઠ મહાદેવ મંદિર સુંદરપુરી થી ભરવાડ વાસ ના નેરુત્વ ખુણા થી ઉત્તર તરફ જતા મહેશ્વરીનગર ના રસ્તાની પૂર્વ બાજુના ભરવાડ વાસ તથા તોયબા મસ્જીદ વિસ્તારના પાછળના ઝુપડા થી અપનાનગરની પશ્ચિમ બાજુના પ્લોટ નં.૧ થી ૧૫ થઇ ઉત્તર તરફ સોનલનગરના મકાન નં.૧ થી ૨૫૧ થી ગોપાલપુરી વસાહતની પશ્ચિમ બાજુના ઉત્તર તરફ જતા રસ્તા થી શરુઆતના પોઇન્ટ સુધીનો વિસ્તાર.

## ગાંધીધામ મહાનગરપાલિકા વોર્ડ નં. ૯ ની હદનું વર્ણન

રેલ્વે કોલોનીના પશ્ચિમે-ઉત્તરે વાયવ્ય ખુણા થી પૂર્વ તરફ રેલ્વે ટ્રેકને સમાંતર ઉત્તર દક્ષિણ બાજુના ખોડીયારનગર ઝુપડપટ્ટી થી પૂર્વ તરફ નેશનલ હાઇવેના પૂર્વ તરફના સેકટર-૯/સીના પ્લોટ નં.૧૨૨ થી સી.જે. શાહ પંપના અગ્નિ ખુણા થી દક્ષિણ તરફ જતા સેકટર-૯/સીના પ્લોટ નં.૧૧૦ થી દક્ષિણ તરફ નેશનલ હાઇવેની સમાંતર પ્લોટ નં.૯૯ થી હોટલ વિશ્વાસ થઇ સેકટર-૯/સી ના પ્લોટ નં.૭૫ થી સીધા ઓજસ કોમ્પલેક્ષ થી હોટલ ગાંધીધામ ના પ્લોટ નં.૫૯, સેકટર-૯/સી થી હોટલ ગોકુલ થઇ તેની સામેના નેશનલ હાઇવે પસાર કરી નેશનલ હાઇવેની પૂર્વ તથા પશ્ચિમ બાજુના વિસ્તાર જેવા કે, બાજુના નેશનલ હાઇવેને સમાંતર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના હેડ વોટર વર્કસ થી નેશનલ હાઇવેને સમાંતર ટ્રક ઓર્નસ, ટેન્કર ઓનર્સ તેમજ તેની આજુબાજુના ઝુપડા થી એસ.ટી. બસ સ્ટેશન થી પશ્ચિમ તરફ નેશનલ હાઇવે પસાર કરી હોટલ નિમાયા ના અગ્નિ ખુણા થી ગ્રીનપાન પેલેસ થી દક્ષિણ તરફ હોટલ ફલેમીંગો થઇ સરદાર પટેલ પ્રતિમા થી પૂર્વ તરફ નેશનલ હાઇવે ઓળંગી રેલ્વે સ્ટેશન ગુડ સાઇડ નાકા થી સીધા પૂર્વ તરફના કાર્ગો વિસ્તારના ઝુપડાઓ કાર્ગોના મુખ્ય વરસાદી નાલા સુધી. ત્યારબાદ નેશનલ હાઇવેને ઓળંગી પશ્ચિમ તરફ જતા ભોમરાજ જગાણી માર્ગની ઉત્તર બાજુની ઝુપડપટ્ટી તથા સેકટર-૮ ના પ્લોટ નં.૧૭ દિપ ભવન ના નેરુત્વ ખુણા થી પૂર્વ તરફ જતા સમૃદ્ધિય વાણીજય વિભાગની કચેરી થી ચેમ્બર ઓફ કોમર્સ થઇ પૂર્વ તરફ જુની ઓસ્લો ટોકીઝના નેરુત્વ ખુણા થી ડો.બાબા સાહેબ આંબેડકર રોડીની પશ્ચિમી બાઉન્ડ્રીની સામેના સેકટર-૮ ના પ્લોટ નં.૨૩૮ થી ઉત્તર તરફ બેન્ક ઓફ બરોડા શાખા થી ગોલ્ડન આર્કેટ થઇ અરુણ દેવ એપર્ટમેન્ટ થઇ ઓસ્લો સર્કલ વિવેકાનંદ કોમ્પલેક્ષ હનુમાન મંદિર ના વાયવ્ય ખુણા થી પૂર્વ તરફ જતા સર્વિસ રોડની દક્ષિણે સેકટર-૮ ના પ્લોટ નં.૧૧૭ પ્લાઝા સેન્ટર થી પૂર્વ તરફ સેકટર-૮ માં આવેલ એચ.ડી.એફ. બેન્ક થી કે.ડી.બી.એ. તરફના દક્ષિણી વસવાટ થી સીધા ટાગોર પાર્કના અગ્નિ ખુણા થી ઉત્તર તરફ જતા ગાંધીધામ-આદિપુરને જોડતા ટાગોર રોડને ઓળંગી શ્યામજી કૃષ્ણવર્મા માર્ગની પૂર્વે ક્રોમા સેન્ટર થી ઉત્તર તરફ જતા જુની કોર્ટ બિલ્ડીંગ થી ગાંધી માર્કેટ સામેના વોર્ડ-૧૨/બીના પ્લોટ નં.૨૯૩ના વાયવ્ય ખુણા થી ઉત્તર તરફ સીધા વોર્ડ-૧૨/બીના પ્લોટ નં.૨૨૨ થી વોર્ડ નં.૧૨/બીના પ્લોટ નં.૨૦૫ અપનાનગર ચાર રસ્તા ની સામેના રેલ્વે કોલોનીના દક્ષિણે-પશ્ચિમ નેરુત્વ ખુણા થી ઉત્તરે સીધા રેલ્વે કોલોની ને સમાંતર થઇ રેલ્વે કોલોનીના શરુઆત પોઇન્ટ સુધીનો વિસ્તાર.

## ગાંધીધામ મહાનગરપાલિકા વોર્ડ નં. ૧૦ ની હદનું વર્ણન

ઓસ્લો ચાર રસ્તા ડો.બાબા સાહેબ આંબેડકર રોડની પશ્ચિમે સર્વિસ રોડ પાસેના સેકટર-૧ ના પ્લોટ નં.૫ના વાયવ્ય ખુણા થી દક્ષિણ તરફ સેકટર-૧ના પ્લોટ નં.૧૨ થી ઓસ્લો ટોકીઝ ચાર રસ્તા સર્વિસ રોડ થી સેકટર-૩ તરફ જતા રસ્તાને પસાર કરી સેકટર-૪ના પ્લોટ નં.૧૮ના નેરુત્વ ખુણો રામવાણી પ્રોવિઝન સ્ટોર થી સેકટર-૪ના પ્લોટ નં.૧૦૪ થી

૧૧૬ થી પ્લોટ નં.૧૪૩, ૧૪૨ થી કિડાણા તરફ જતા રસ્તાને ઓળંગી કોટેશ્વર બિલ્ડીંગના નેરુત્વ ખુણા થી દક્ષિણ તરફ સર્વિસ રોડને સમાંતર સેકટર-૫ ભવનાથ મંદિર થી સેકટર-૫ સર્વિસ રોડના છેલ્લા પ્લોટ નં.૭૪૦ના નેરુત્વ ખુણા થી પશ્ચિમ તરફ જતા સેકટર-૫ અને સેકટર-૬ના રસ્તાની ઉત્તર બાજુના સેકટર-૫ના પ્લોટ નં.૬૮૫, પ્લોટ નં.૬૭૪ થી વલીડાડા સર્કલની ઉત્તરે સેકટર-૫ના પ્લોટ નં.૨૩૦ ના નેરુત્વ ખુણા થી પશ્ચિમ તરફ સેકટર-૫ના પ્લોટ નં.૨૪૪, પ્લોટ નં.૨૪૬ તથા પ્લોટ નં.૧૬ શોપીંગ સેન્ટર થી ઉત્તર બાજુ પુનમ સોસાયટી ચાર રસ્તા પ્લોટ નં.૫૭, પ્લોટ નં.૫૮ ના વાયવ્ય ખુણા થી પશ્ચિમે કિડાણા તરફ જતા રસ્તાની ઉત્તર બાજુની વસાહતના સપનાનગરના મકાન નં.સી-૪ થી સીધા કિડાણા ચાર રસ્તા પાસેના સપનાનગરના મકાન નં.-ડી-૧૦૭ ના વાયવ્ય ખુણા થી ઉત્તર તરફ જતા પ.પૂ.શ્રી ધનજીબાપુ માર્ગની પશ્ચિમી બાઉન્ડ્રીની સામેના પૂર્વની સપનાનગરની વસાહતોના મકાન નં.-ડી-૧૧૭, ૧૧૮, ૧૧૯ થઇ મકાન નં.-ડી-૭૪ થી ઉત્તર તરફ જતા ઇફકો ઉદયનગર કોલોની ની પાછળની દક્ષિણ બાજુના પશ્ચિમે સપનાનગરના મકાન નં.ઇ-૨૮૮ ના વાયવ્ય ખુણા થી પ.પૂ.ધનજીબાપુ માર્ગ થી ઉત્તર તરફ જતા પૂર્વ બાજુની વસાહત ઇફકો ઉદયનગર કોલોનીના ટાગોર રોડ પાસેના પશ્ચિમી ઉત્તરે વાયવ્ય ખુણા થી પૂર્વ તરફના સર્વિસ રોડની દક્ષિણે ઇફકો ઉદયનગર કોલોની થઇ સેકટર-૨ ના પ્લોટ નં.૧ થી સીધા પૂર્વ તરફ સેકટર-૧ ના શરુઆતના પોઇન્ટ પ્લોટ નં.૫ સુધીનો વિસ્તાર.

## ગાંધીધામ મહાનગરપાલિકા વોર્ડ નં. ૧૧ ની હદનું વર્ણન

આદિપુર-મુન્દ્રા હાઇવે દક્ષિણ તરફ જતા રે.સ. નં.૧૭૨ ના વાયવ્ય ખુણા થી રે.સ. નં.૧૭૩ થઇ પૂર્વ તરફ ગ્રીન બેલ્ટની સમાંતર વોર્ડ નં.૧૧ ના રે.સ. નં.૧૬ થઇ રે.સ. નં.૫૧ અને રે.સ. નં.૫૨ થી પૂર્વ તરફના રે.સ. નં.૯૧ થઇ રે.સ. નં.૧૨૫ના અગ્નિ ખુણા થી દક્ષિણ તરફના રે.સ. નં.૧૨૬ થી વોર્ડ નં.૧૨ અને વોર્ડ નં.૧૧ ના ગ્રીન બેલ્ટને સમાંતર પૂર્વ તરફના કંડલા સ્પેશિયલ ઇકોનોમિક ઝોનની ઉત્તરે ખુણાના રે.સ. નં.૨ અગ્નિ ખુણા થી દક્ષિણ તરફ રે.સ. નં.૫૧/૧ થી ગામતળ થઇ રે.સ. નં.૬/૧ થઇ રે.સ. નં.૬/૨ થી પૂર્વ બાજુના રે.સ. નં.૭/૬ થી રે.સ. નં.૯/૧ના નેરુત્વ ખુણાથી રે.સ. નં.૧૦ થઇ પશ્ચિમ બાજુના રે.સ. નં.૧૭૧ થી વરસાદી પાણીનો વેણ ઓળંગી રે.સ. નં.૧૭૦, રે.સ. નં.૨૧ ના વાયવ્ય ખુણા સુધી. ભારાપર દહ વિસ્તારને લગત કિડાણા ગામના રે.સ. નં.૨૦ થી રે.સ. નં.૨૫/૨ થઇ રે.સ. નં.૩૨/૨ અને રે.સ. નં.૩૨/૧ સુધી. ત્યારબાદ કિડાણા-ભારાપર રોડને ઓળંગી રે.સ. નં.૫૬ થી દક્ષિણ તરફના રે.સ. નં.૫૭ થઇ રે.સ. નં.૫૮ થી રે.સ. નં.૬૦ થી ઉત્તર તરફ જતા રે.સ. નં.૬૯ થી ઉત્તરે-પશ્ચિમ તરફ જતા રે.સ. નં.૭૪ થી વોર્ડ નં.૧ ની બાઉન્ડ્રીને લગત રે.સ. નં.૭૫ થી ઉત્તર તરફના રે.સ.નં.૯૭ થી વોર્ડ નં.૧ ને લગત રે.સ. નં.૧૧૧ થી રે.સ. નં.૧૧૩ થી રે.સ. નં.૧૧૭ થી સીધા રે.સ. નં.૧૩૦ ના ઇશાન ખુણાથી આદિપુર-મુન્દ્રા રાજય ધોરી માર્ગને સમાંતર પૂર્વ તરફના રે.સ. નં.૧૩૧ થી ઉત્તર બાજુના રે.સ. નં.૧૬૯ થઇ રે.સ. નં.૧૭૨ થી શરુઆતના પોઇન્ટ સુધીનો વિસ્તાર.

## ગાંધીધામ મહાનગરપાલિકા વોર્ડ નં. ૧૨ ની હદનું વર્ણન

પૂ.ધનજીબાપુ માર્ગ કિડાણા ચાર રસ્તાના સેકટર નં.૭ના પ્લોટ નં.૩૧ના વાયવ્ય ખુણા થી પૂર્વ તરફ જતા રસ્તાની ઉત્તરી બાઉન્ડ્રીના દક્ષિણ બાજુના સેકટર નં.૭ ની વસાહત તથા અસ્વમેઘ એપાર્ટમેન્ટ થઇ સીધા પૂર્વ તરફ સેકટર-૭ના પ્લોટ નં.૫૮, ૫૯ ના અગ્નિ ખુણા થી દક્ષિણ તરફ જતા સેકટર નં.૭ના પ્લોટ નં.૪૩૦ થી પશ્ચિમ તરફ જતા સેકટર નં.૭ના પ્લોટ નં.૩૮૬, પ્લોટ નં.૩૮૫ થી પૂર્વ તરફ જતા સેકટર નં.૭ અને સેકટર નં.૬ ના સર્કલ ને ક્રોસ કરી સેકટર નં.૬ ના પ્લોટ નં.એ-૪૦ થી સીધા પૂર્વ તરફ જતા વલીડાડા સર્કલ થઇ પૂર્વ તરફના સેકટર નં.૫ અને સેકટર નં.૬ ના વચ્ચેના રસ્તાની દક્ષિણ બાજુની વસાહત ના સેકટર નં.૬ ના પ્લોટ નં.૪૦૪ ના નેરુત્વ ખુણા થી દક્ષિણ તરફ જતા સર્વિસ રોડની પશ્ચિમ બાજુની વસાહતના સેકટર નં.૬ ગણેશનગર ના મકાનો થઇ સીધા દક્ષિણ તરફ સેકટર નં.૬ ના પ્લોટ નં.૩૮૯ થી ડો.બાબા સાહેબ આંબેડકર રોડ થી પશ્ચિમ તરફ જતા ટાઇમ્સ ઓફ ઇન્ડીયા સ્કુલ તરફ જતા રોડને ઓળંગી દક્ષિણ બાજુ મહેશ્વરી મેઘવાળ સમાજના સ્મશાનની પૂર્વ બાઉન્ડ્રી થી દક્ષિણે થી પશ્ચિમ તરફ કંડલા ફ્રિટ્રેડ ઝોનની ઉત્તરીય બાઉન્ડ્રીની સામેના ઉત્તર તરફના વસવાટ વાવઝોડા, સત્તર હજાર ઝુપડપટ્ટી અને રોટરીનગરના મકાનો થી પશ્ચિમ તરફ રોટરીનગરના છેલ્લા મકાન થી ઉત્તર તરફ જતા સેકટર નં.૭ ના પ્લોટ નં.૧ પ.પૂ.શ્રી ધનજી બાપુ માર્ગની પશ્ચિમી બાઉન્ડ્રીના સામેના પૂર્વ તરફના વસાહત સેકટર નં.૭ના પ્લોટ નં.૧૪ તથા પ્લોટ નં.૧૮ થી ઉત્તર તરફ શરુઆતના પોઇન્ટ સુધીનો વિસ્તાર.

## ગાંધીધામ મહાનગરપાલિકા વોર્ડ નં. ૧૩ ની હદનું વર્ણન

કંડલા નેશનલ હાઇવે કાર્ગો મોટર્સ ની સામે નેશનલ હાઇવેની પૂર્વ બાજુના વરસાદી નાલાને સમાંતર કાર્ગો ઝુપડાના વાયવ્ય ખુણા થી પૂર્વ તરફ જતા રેલ્વે લાઇન થી દક્ષિણ તરફ જતા પશ્ચિમ બાજુના વસવાટના કાર્ગો ઝુપડા, પી.એસ.એલ. ઝુપડા તમામ આવેલ ઝુપડપટ્ટીઓ થઇ નેશનલ હાઇવેને અડીને જુના એફ.સી.આઇ. ના ગોડાઉન થી કંડલા ફ્રીટ્રેડ ઝોન ની ગોલાઇએ નેશનલ હાઇવે ઓળંગી પશ્ચિમ બાજુ ડો.બાબા સાહેબ આંબેડકર રોડ ની દક્ષિણ બાજુ આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડ ના મકાનો શારદા કોલોની પાવર હાઉસ થી ડો.બાબા સાહેબ આંબેડકર રોડની ઉત્તર તરફ આવતા રોડની પૂર્વ બાજુના ગોડાઉન તથા તેની આસ-પાસની ઝુપડપટ્ટી તેમજ સેકટર-૧૦, સેકટર-૧૧ અને સેકટર-૧૨ ના પ્લોટો ઝુપડા થી ઉત્તર તરફ ઓસ્લો જુની ટોકીઝ ના પ્લોટ ના નૈરુત્વ ખુણા થી પૂર્વ તરફ જતા ભીમરાજ જગાણી માર્ગની દક્ષિણે વરસાદી નાલા સમાંતર તથા જી.આઇ.ડી.સી.ના શેડ-૧ થી પૂર્વ તરફ જતા નેશનલ હાઇવે વરસાદી નાલાના ઉત્તર તથા સર્વિસ રોડના દિક્ષણ બાજુના જી.આઇ.ડી.સી. તથા જી.આઇ.ડી.સી.ના પ્લોટો, આઇ.ટી.આઇ. તથા આઇ.ટી.આઇ. ના આજુબાજુની ઝુપડપટ્ટી તથા એ.વી. જોષીના વર્કશોપ તથા તેના ઝુપડાઓ થઇને શરુઆતના કંડલા નેશનલ હાઇવે કાર્ગો મોર્ટર શરુઆતના પોઇન્ટ સુધીનો વિસ્તાર.

રાજય ચૂંટણી આયોગ, ગુજરાત રાજય ગાંધીનગર સત્યમેવ જયતે

(આર.જી.ગોહિલ)
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

અનુસૂચિ-૨
રાજય ચૂંટણી આયોગ
ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ- રાચઆ-ચટણ-સમક-મનપા-યુનિટ-૭-૨૦૨૫.તા.[illegible]/૦૯/૨૦૨૫નું બિડાણ.

| | | | |
|---|---|---|---|
| **ગાંધીધામ** મહાનગરપાલિકાની સને ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ કુલ વસતી | ૩૦૮૪૪૮ | | |
| કુલ વોર્ડની સંખ્યા | ૧૩ | | |
| વોર્ડ દીઠ સરેરાશ વસતિ | ૨૩૭૨૭ | સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ : | ૨૬૧૦૦ |
| | | સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : | ૨૧૩૫૪ |
| બેઠકોની સંખ્યા | ૫૨ | | |
| કુલ સ્ત્રી બેઠકો | ૨૬ | | |
| અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૧૦ | તે પૈકી ૫ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અનામત | |
| અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૧ | તે પૈકી ૦ બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓ માટે અનામત | |
| પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૧૪ | તે પૈકી ૭ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત | |
| કુલ અનામત બેઠકો | ૩૯ | | |
| સામાન્ય બેઠકો | ૧૩ | | |

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨૩૪૧૪ | અનુસૂચિત જાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૨ | ૨ | ૨૪૯૩૦ | અનુસૂચિત જાતિ | સામાન્ય | અનુસૂચિત આદિ જાતિ | પછાતવર્ગ |
| ૩ | ૩ | ૨૨૧૫૭ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૪ | ૪ | ૨૪૬૯૩ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૫ | ૫ | ૨૫૯૩૧ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૬ | ૬ | ૨૨૫૬૪ | અનુસૂચિત જાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૭ | ૭ | ૨૫૪૮૬ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૮ | ૮ | ૨૩૮૨૩ | પછાતવર્ગ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૯ | ૯ | ૨૧૭૩૦ | અનુસૂચિત જાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૧૦ | ૧૦ | ૨૧૮૮૨ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૧૧ | ૧૧ | ૨૪૮૭૯ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૧૨ | ૧૨ | ૨૪૬૮૪ | અનુસૂચિત જાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૧૩ | ૧૩ | ૨૨૨૭૫ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| | કુલ | ૩૦૮૪૪૮ | | | | |

(આર.જી.ગોહિલ)
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર